# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૪/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,
(ડે. સેક્રેટરી)

---

# ‘સીટમે’ને જબરજસ્ત પ્રતિસાદ, બે દિવસમાં ૨૧ હજારથી વધુ બાયર્સ ઉમટી પડયાં, આજે છેલ્લો દિવસ....

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૩/૧/૨૦૨૦ થી ૫/૧/૨૦૨૦ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ‘સુરત ઇન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૦’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રદર્શનને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહયો છે.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, પ્રદર્શનમાં પ્રથમ દિવસથી જ બાયર્સનો ધસારો જોવા મળ્યો હતો. આજરોજ તો જાણે બાયર્સનું માનવ મહેરામણ ઉમટી પડયુ હોય તેવી જનમેદની પ્રદર્શનમાં જોવા મળી હતી. ૧ લાખ ૨૫ હજાર સ્કવેર ફૂટ જેટલી વિશાળ જગ્યા પણ એકસમયે નાની પડે એવી સ્થિતિનું સર્જન થયુ હતુ. પ્રદર્શનમાં મુકવામાં આવેલી એમ્બ્રોઇડરી, ડિજીટલ પ્રિન્ટીંગ–ઇન્ક, નોન વુવન, નીટીંગ, સુઇન્ગ, લેસર, સ્પેરપાર્ટ્સ, થ્રેડ્સ–જરી અને વિવિધ એસેસરીઝ જોવા માટે બાયર્સની ભીડ જામી હતી. જેથી એકઝીબીટર્સને પણ બધા બાયર્સને પહોંચી વળવા માટે મુશ્કેલી પડી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ગઇકાલે ૭ હજાર જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જયારે આજે ૧૪ હજારથી પણ વધુ બાયર્સ ઉમટી પડયા હતા. આવતીકાલે રવિવારે આજથી પણ વધુ બાયર્સ ઉમટી પડશે. આ બે દિવસ દરમિયાન સુરત અને અમદાવાદ ઉપરાંત દિલ્હી, તિરુપુર, લુધિયાના, અમૃતસર, પાનીપત, જયપુર, ભીવંડી અને માલેગાવથી ખૂબ જ મોટી સંખ્યામાં બાયર્સ પ્રદર્શનમાં આવ્યા હતા.

દેશના વિવિધ ખૂણેથી એકઝીબીશનની મુલાકાતે આવેલા બાયર્સનું માનીએ તો ત્રણ મહિના પહેલાં શાંઘાઇ ખાતે યોજાયેલા ચાઇના ઇન્ટરનેશનલ સુઇન્ગ મશીનરી એન્ડ એસેસરીઝ શો ૨૦૧૯માં ટેક્ષ્ટાઇલમાં નવી ટેકનોલોજી સાથે આવેલી લેટેસ્ટ મશીનરી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ તમામ મશીનરી સુરતના આ પ્રદર્શનમાં જોવા મળી છે. આથી એકઝીબીટર્સને સેંકડો મશીનરીનો ઓર્ડર મળી જશે. ૧૫ જાન્યુઆરી ૨૦૨૦ બાદ બિઝનેસ હજી વધારે ખુલશે. લગ્નસરા ચાલુ થતાની સાથે જ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં માત્ર એમ્બ્રોઇડરી જ નહી પણ વીવર્સ અને ટ્રેડર્સને પણ બિઝનેસમાં લાભ થશે. આ પ્રદર્શનથી એકઝીબીટર્સ અને બાયર્સ બંનેને સારામાં સારા બિઝનેસની આશા જન્મી છે.